

## પ્રાધ્યાપક-સંશોધક એવા શ્રી અરૂણભાઈ દવેનું ખાદી ઉત્પાદનનું આધુનિક ગણિત

# સૂર્ય + ઊર્જા + અંબર = "સૂર્જાબર"

### એટલે કે..... ખાદી કાંતણનો નવો યુગ

## લોકભારતી લોક-વિજ્ઞાન કેન્દ્ર, સણોસરા દ્વારા સૂર્ય ઊર્જાનાં ઉપયોગ વડે ખાદીનાં ઉત્પાદન માટે "સૂર્જાબર" ચરખાનું નિદર્શન

ઈશ્વરીયા, શનિવાર તા. ૧૮-૧૦-૨૦૦૮ (મૂકેશ પંડિત)

સૂર્ય ઊર્જાનાં ઉપયોગ વડે ખાદીનાં ઉત્પાદન માટે "સૂર્જાબર" ચરખાનું લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર, સણોસરા દ્વારા નિદર્શન રજૂ કરાયુ છે. પ્રાધ્યાપક વૈજ્ઞાનિક શ્રી અરૂણભાઈ દવે સંશોધિત અંબર ચરખા વડે ખાદી કાંતણ થઈ રહ્યું છે.

ઊર્જાનાં ઉપયોગ વડે વિવિધ કાર્યો સંભવ બની રહ્યા છે, ત્યારે ભાવનગર જિલ્લાના ગૌરવ સમાન લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ - સણોસરામાં લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રમાં સૂર્યઉર્જાના ઉપયોગ વડે ખાદીના ઉત્પાદન માટે સૂર્જાબર ચરખો વિકસાવાયો જેનું નિદર્શન રજૂ કરાયેલ છે.

પ્રાધ્યાપક વૈજ્ઞાનિક શ્રી અરૂણભાઈ દવે સંશોધિત અંબર ચરખો 'સૂર્જાબર' રજૂ કરતા જણાવે છે કે, નાનકડાં ઉપકરણોથી લઈ અંતરિક્ષ યાન સુધી સૂર્ય ઉર્જા ગણત્રી સાથેના શંશોધનો થયા છે, ત્યારે ભારત જેવા દેશમાં સૂર્યશક્તિનો મહત્તમ ઉપયોગ આવશ્યક બની રહેશે. તેઓ જણાવે છે કે ઉર્જાના ચિલાચાલુ શ્રોત ખૂટી રહ્યા છે, ત્યારે બિનપરંપરા ગત ઉર્જા શ્રોતનો ઉપયોગ કરી પર્યાવરણને પ્રદૂષણ મૂક્ત રાખવું જરૂરી છે.

લોકભારતી લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પાંત્રિસ જેટલા વર્ષથી બિન પરંપરાગત ઉર્જાશ્રોતોનું નિદર્શન-સંશોધન અને વિતરણ થઈ રહ્યું છે, જેમાં સૂર્યશક્તિથી બે ત્રાકના અંબર ચરખાનો સફળ પ્રયોગ કરવામાં આવ્યો છે. જેનાથી કોઈપણ વ્યકિત પોતાના કાર્ય સાથે સુતરનું કાંતણ આ સૂર્જાબર વડે કરી શકે. આ સંશોધિત ચરખામાં સૂર્યશક્તિનો સંગ્રહ થઈ તેનાથી સફળતા પૂર્વક પેડા-ચક્રો ગતિમાન કરી ચોવિસ કલાક સુતર ખાદી ઉત્પાદન થઈ શકે. આથી પર્યાવરણ સંલુલિત પોશાક તૈયાર કરી શકાય.

ખાદી ગ્રામોધોગની માર્ગદર્શિક અને આચારસંહિતા સાથે આ સૂર્જાબર કેટલો માન્યતા પ્રાપ્ત કરશે ? તે આગળની પ્રક્રિયા રહેશે, પરંતુ હજુ આનો પ્રારંભિક તબક્કો છે તેમ જણાવી શ્રી દવે કહે છે કે, આ ક્ષેત્ર સબંધિતો-તજ્જ્ઞો રસ લઈ કાર્યક્રમના અને વ્યવહારૂ ઉપયોગિતા વધારી શકે છે. જો કે સૂર્ય શક્તિથી આપણા કપડાં પણ નિર્માણ થઈ શકે છે તે આ સંકલિત સંશોધનનું સાફલ્ય છે.

મૂકેશ પંડિત
ઈશ્વરિયા-૩૬૪ ૨૩૦
તા. સિહોર, જિ. ભાવનગર.